# BBA-1

## PROVISIONAL ANSWER KEY (CBRT)

| | |
|---|---|
| **Name of the post** | **Office Superintendent/Vigilance Officer,(GMC), Class-3** |
| **Advertisement No.** | **99/2020-21** |
| **Preliminary Test held on** | **28-09-2021** |
| **Question No** | **001 – 200** |
| **Publish Date** | **29-09-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **06-10-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 30-09-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : www.safevaults.in/login**

001. રૂદ્રદામનના છ શિલાલેખો ગુજરાતના .......... ખાતેથી મળી આવ્યા છે.

(A) અંધાઉ (Andhau) (B) ભૂજ

(C) લખપત (D) અંજાર

002. અડાલજ, ગાંધીનગર ખાતે સ્થિત રૂડાવાવ (Ruda Stepwell) એ .......... ની સ્મૃતિમાં બંધાવવામાં આવી હતી.

(A) રૂડા દેવી (B) રાણાવીર સિંહ

(C) ભીમ-બીજો (Bhim-II) (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

003. કુંટાસી પુરાતત્વીય સ્થળ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. આ સ્થળ એ ફુલ્કી નદીના જમણા કિનારે સ્થિત છે.

2. આ સ્થળેથી બંદર તેમજ ઔદ્યોગિક સંકુલ મળી આવેલ છે.

3. આ સ્થળેથી ઉંચી ગુણવત્તા ધરાવતી માટીમાંથી સરસ રીતે તૈયાર કરેલ માટીકામનો સમૃદ્ધ સંગ્રહ પણ શોધી કાઢવામાં આવેલ છે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

004. ................ હડપ્પીય સંસ્કૃતિ દરમિયાન મીઠું ઉત્પાદનનું સ્થળ.

(A) લોથલ (B) દાંત્રાણા

(C) પાદરી (D) કુંતાસી

005. કોઈ સ્ત્રી પ્રથમ વખત સગર્ભા થાય છે ત્યારે બધી સ્ત્રીઓ દ્વારા નીચેનામાંથી કયું નૃત્ય પ્રસ્તુત કરવામાં આવે છે ?

(A) આગ્રા (B) જગ

(C) મછાલી (D) મટકા

006. સૂચિ I ને સૂચિ II સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચિ I - લેખક | સૂચિ II - નાટક |
|---|---|
| (1) રણછોડભાઈ ઉદયરામ | (a) લલિતા દુઃખદર્શક |
| (2) નવલરામ પંડ્યા | (b) ભટનું ભોપાળું |
| (3) દલપતરામ | (c) મિથ્યાભિમાન |
| (4) કે. એન. કાબરાજી | (d) નિંદા ખાનમ |

(A) (1) - (a), (2) - (b), (3) - (c), (4) - (d) (B) (1) - (b), (2) - (c), (3) - (d), (4) - (a)

(C) (1) - (b), (2) - (d), (3) - (c), (4) - (a) (D) (1) - (a), (2) - (d), (3) - (c), (4) - (b)

007. ભારતના પ્રાચીન મંદિરો અને સંબંધિત રાજ્યોના જોડકા પૈકી કયુ / કયા જોડકુ / જોડકા યોગ્ય છે ?

1. બ્રીહદેશ્વર મંદિર (Brihadisvara Temple) - તામીલનાડુ (Tamilnadu)

2. તુંગનાથ મંદિર (Tunganath Temple) - ઉત્તરાખંડ (Uttarakhand)

(A) પ્રથમ જોડી યોગ્ય છે. (B) બીજી જોડી યોગ્ય છે.

(C) 1 અને 2 બંને જોડી યોગ્ય છે. (D) 1 અને 2 બંને જોડીઓ યોગ્ય નથી.

008. ભારતના પ્રખ્યાત ચિત્રકાર અને તેઓની કૃતિઓ પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય છે ?

1. અબનિંદ્રનાથ ટાગોર (Abanindranath Tagore) - ભારત માતા

2. રાજા રવિ વર્મા - શાંકુન્તલા

3. નંદલાલ બોઝ - બાપુજી

4. તૈયબ મહેતા - મહિસાસુર

(A) 1, 2, 3, 4 બધી જ જોડ યોગ્ય છે. (B) 1, 2, 3 જોડીઓ યોગ્ય છે.

(C) 2, 3, 4 જોડીઓ યોગ્ય છે. (D) 1, 2, 3, 4 બધી જોડ યોગ્ય નથી.

009. ભારતના સંગીતના વાદ્યો (Musical instruments) અને તેને વગાડનારની જોડી પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. સંતુર - પંડીત શિવશંકર શર્મા

2. વાંસળી - હરીપ્રસાદ ચૌરસીયા

3. સરોદ - પંડીત રવિશંકર

4. સારંગી - રમેશ મિશ્રા

(A) 1, 2 અને 4 (B) 1, 2 અને 3

(C) 1, 3 અને 4 (D) 2, 3 અને 4

010. આદિવાસીઓનો એક તહેવાર - "ભાગોરિયા" (Bhagoriya) છે, જે કયા રાજ્યમાં મનાવવામાં આવે છે ?

(A) મધ્યપ્રદેશ (B) મણિપુર

(C) આસામ (D) અરૂણાચલપ્રદેશ

011. 'ક' યાદી ને 'ખ' યાદી સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (1) ચાર મિનાર | (i) આસામ |
| (2) ગુરૂ રવિદાસ મેમોરીયલ | (ii) આંધ્રપ્રદેશ |
| (3) નવગ્રહ મંદિર | (iii) મહારાષ્ટ્ર |
| (4) કાન્હરી ગુફાઓ | (iv) પંજાબ |

(A) (1) - (ii), (2) - (i), (3) - (iv), (4) - (iii)

(B) (1) - (ii), (2) - (iv), (3) - (i), (4) - (iii)

(C) (1) - (iii), (2) - (ii), (3) - (iv), (4) - (i)

(D) (1) - (ii), (2) - (iv), (3) - (iii), (4) - (i)

012. રંગોળીને ભારતમાં અલગ અલગ રાજ્યોમાં જુદા જુદા નામે ઓળખવામાં આવે છે. તેની નીચે પૈકી કઈ જોડ સાચી નથી ?

(A) ઐપન - હિમાચલ પ્રદેશ (B) કૌલ્લમ - તમિલનાડુ

(C) મંડના - મધ્યપ્રદેશ (D) રંગાવલી - કર્ણાટક

013. નીચે દર્શાવેલ વંશને કાળક્રમાનુસાર ગોઠવીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(I) ગુલામ વંશ (II) ખીલજી વંશ (III) તઘલક વંશ (IV) સૈયદ વંશ

(A) (I), (II), (III), (IV) (B) (I), (III), (II), (IV)

(C) (I), (IV), (II), (III) (D) (II), (I), (IV), (III)

014. ઇ.સ. 1615 માં જહાંગીરના દરબારમાં ઇંગ્લેન્ડના રાજા જેમ્સ પહેલાના રાજદૂત તરીકે કોણ આવેલ હતું ?

(A) કેપ્ટન વિલયમ હોકિન્સ
(B) કેપ્ટન વિલિયમ બેન્ટિંગ
(C) સર થોમસ રો
(D) ઉપર પૈકી એકપણ નહીં

015. વિક્રમશીલા યુનિવર્સિટીની સ્થાપના કયા રાજવીએ કરી હતી ?

(A) ગોપાલ
(B) જયસિંહા
(C) પુષ્યભૂતિ
(D) ધર્મપાલ

016. વાંદીવાશની લડાઈ, 1760 (Wandiwash) માં અંગ્રેજ લશ્કરનો કમાન્ડર કોણ હતો ?

(A) સર જ્હોન લોરેન્સ
(B) એડમિરલ વોટસન
(C) જનરલ આયર કૂફ (Eyre Coof)
(D) કાઉન્ટ ડી લેલી

017. રેગ્યુલેટીંગ એક્ટ, 1773 પાસ થયો એ સમયગાળામાં ઇંગ્લેન્ડના વડાપ્રધાન તરીકે કોણ હતું ?

(A) લોર્ડ નોર્થ
(B) લોર્ડ મેયો
(C) લોર્ડ એક્ટન
(D) સર વિલિયમ જોન્સ

018. યાદી - અ અને યાદી - બ ને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| (a) પ્રથમ એંગ્લો-મૈસુર યુદ્ધ | (1) ટ્રીટી ઓફ મેંગ્લોર |
| (b) બીજું એંગ્લો-મૈસુર યુદ્ધ | (2) ટીપુ સુલતાનનું અવસાન |
| (c) ત્રીજું એંગ્લો-મૈસુર યુદ્ધ | (3) ટ્રીટી ઓફ મદ્રાસ |
| (d) ચોથું એંગ્લો-મૈસુર યુદ્ધ | (4) ટ્રીટી ઓફ સેરીંગપટ્ટનમ |

(A) a - 3, b - 2, c - 4, d - 1
(B) a - 3, b - 4, c - 1, d - 2
(C) a - 3, b - 1, c - 4, d - 2
(D) a - 2, b - 3, c - 1, d - 4

019. પ્રાચીન ભારતના આક્રમણકારોના સંદર્ભે નીચેના પૈકી કયું સાચા કાલક્રમિક ક્રમમાં છે ?

(A) યુનાની - શક - કુષાણ
(B) યુનાની - કુષાણ - શક
(C) શક - યુનાની - કુષાણ
(D) શક - કુષાણ - યુનાની

020. નીચેના પૈકી કયા આદિવાસી વિદ્રોહને કારણે માનવ બલિ પર પ્રતિબંધ મૂક્યો હતો ?

(A) સંથાલ વિદ્રોહ
(B) રામ્પા વિદ્રોહ
(C) ખોંડ વિદ્રોહ
(D) મુંડા વિદ્રોહ

021. નીચેના પૈકી કયા અધિનિયમથી ભારતમાં દ્વિસદનીયતાની પદ્ધતિ શરૂ થઈ ?

(A) ચાર્ટર એક્ટ, 1853
(B) ભારત સરકાર અધિનિયમ, 1919
(C) ભારત સરકાર અધિનિયમ, 1858
(D) ભારત સરકાર અધિનિયમ, 1935

022. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ઐહોલ પલ્લવોની રાજધાની હતી.
2. કાંચીપુરમ્ ચાલુક્યોની રાજધાની હતી.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

023. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ગાંધીજીએ 25મી મે 1915ના દિવસે અમદાવાદના કોચરબમાં "સત્યાગ્રહ" આશ્રમની સ્થાપના કરી હતી.

2. ગાંધીજીએ ચંપારણના મોતીહારી ગામમાં રહીને ચંપારણ સત્યાગ્રહની લડત ચલાવી હતી.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

024. નીચેના વિધાનો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. સિમલા પરિષદ તા. 25/06/1945ના રોજ મળેલ હતી.

2. ગાંધીજીએ આ પરિષદની કાર્યવાહીમાં ભાગ લીધો હતો.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

025. ભારતના પ્રમાણ સમયની રેખા કેટલા રાજ્યોમાંથી પસાર થાય છે ?

(A) ચાર
(B) પાંચ
(C) છ
(D) સાત

026. ભારતમાં મેહગિની, અબનૂસ, રઝિવુડ રબર વગેરે વૃક્ષો કયા પ્રકારના જંગલોમાં જોવા મળે છે ?

(A) ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલો
(B) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો
(C) ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો
(D) ઉષ્ણકટિબંધીય કાંટાળાં જંગલો

027. બાંદીપુર અભયારણ્ય ક્યાં આવેલ છે ?

(A) મહારાષ્ટ્ર
(B) રાજસ્થાન
(C) મધ્યપ્રદેશ
(D) કર્ણાટક

028. પ્રત્યેક ઋતુમાં થતાં દિવસ અને રાતના સમયગાળામાં થતા ફેરફારનું કારણ ............ છે.

(A) પૃથ્વીનું ધરીભ્રમણ
(B) પૃથ્વીનું સૂર્યની ફરતે દીર્ઘ વૃત્તાકાર કક્ષા ભ્રમણ
(C) જે તે સ્થળની અક્ષાંશ સ્થિતિ
(D) પૃથ્વીનું અક્ષીયનમન સાથેનું ભ્રમણ

029. જ્યારે બીજી મોટા ભાગની વિશાળ નદીઓ પૂર્વ તરફ વહે છે, ત્યારે નર્મદા પશ્ચિ તરફ શા માટે વહે છે ?

1. તે રેખીય ફાટખીણ ધરાવે છે.

2. એ વિન્ધ્ય અને સાપુતારાની પર્વતમાળાઓની વચ્ચે થઈને વહે છે.

3. જમીનનો ઢોળાવ મધ્ય ભારતથી પશ્ચિમ તરફનો છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

030. જોડકાં જોડો.

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| 1. વિષ્ણુપ્રયાગ | a. અલકનંદા અને પિંડારના સંગમ પર |
| 2. દેવપ્રયાગ | b. અલકનંદા અને મંદાકિનીના સંગમ પર |
| 3. રૂદ્રપ્રયાગ | c. અલકનંદા અને ભાગીરથીના સંગમ પર |
| 4. કર્ણપ્રયાગ | d. અલકનંદા અને ધોળીગંગાના સંગમ પર |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(C) 1 - b, 2 - a, 3 - c, 4 - d
(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

031. હાયડ્રો પ્રોજેક્ટ અને સંબંધિત રાજ્યના જોડકા પૈકી કયા જોડકા યોગ્ય છે ?

1. તુંગભદ્રા પ્રોજેક્ટ - આંધ્રપ્રદેશ / કર્ણાટક
2. સોમ પ્રોજેક્ટ - બિહાર
3. ઈન્દિરા સાગર પ્રોજેક્ટ - મહારાષ્ટ્ર
4. કડાણા પ્રોજેક્ટ - ગુજરાત

(A) 1, 3, 4
(B) 1, 2, 3
(C) 2, 3, 4
(D) 1, 2, 4

032. નીચેના પૈકી કયા વાક્યો સાચા છે ?

1. શેરડીનું ઉત્પાદન સૌથી વધુ ઉત્તરપ્રદેશમાં થાય છે.
2. શેરડીના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર બીજા નંબરે છે.

(A) પ્રથમ વાક્ય સાચું છે.
(B) બીજુ વાક્ય સાચું છે.
(C) પ્રથમ અને બીજુ બન્ને વાક્યો સાચા છે.
(D) પ્રથમ અને બીજુ બન્ને વાક્યો યોગ્ય નથી.

033. ભારતના પુરાતત્ત્વ વિષયક ઈતિહાસ ને ધ્યાને લેતા નીચેના પૈકી કયુ સ્થાપત્ય સૌથી પ્રથમ બનાવેલ હતું ?

(A) ભુવનેશ્વર ખાતેનું લિંગરાજ મંદિર (Bhubaneshwar - Lingaraja Temple)
(B) ધઉલી ખાતે પથ્થરમાંથી કોતરવામાં આવેલ હાથી (Rock-cut elephant at Dhauli)
(C) મહાબલીપુરમ ખાતે પથ્થરમાંથી કોતરેલ સ્થાપત્ય (Rock-cut monuments at Mahabalipuram)
(D) ઉદયગીરી ખાતેની વરાહની કૃતિ (Varaha image at Udaygiri)

034. સૂચિ-I અને સૂચિ-II સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચિ-I | સૂચિ-II |
|---|---|
| 1. માહી | a. ગીરના જંગલો |
| 2. તાપતી | b. જસદણ |
| 3. ભાદર | c. સાતપુડા પર્વતમાળા |
| 4. શેત્રુંજી | d. વિંધ્યા પર્વતમાળા |

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

035. ગુજરાતની આદિવાસી જનસંખ્યા સંદર્ભે નીચેનું પૈકી કયું વિધાન સાચુ નથી ?

(A) ગુજરાતના કુલ 14 જિલ્લાઓને આદિવાસી જિલ્લા તરીકે તારવવામાં આવ્યા છે.
(B) આદિવાસીઓમાં 37% સાક્ષરતા દર છે.
(C) કુલ 25 વિવિધ પ્રકારના આદિવાસી જનસમૂહ ગુજરાતમાં વસે છે.
(D) કુલ 5 આદિવાસી જનસમૂહની આદિમ જાતિ તરીકે ઓળખ થઈ છે.

036. ભારતના ચોમાસા સંદર્ભે નીચેના વિધાનો જુઓ.

1. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સૌપ્રથમ દરિયા કિનારાના રાજ્ય કેરળના પશ્ચિમ ઘાટ ઉપર વર્ષે છે.
2. ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના સમયગાળાને ઉત્તર પૂર્વ ચોમાસા તરીકે ઓળખવામાં આવે છે.

નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 સાચું
(B) માત્ર 2 સાચું
(C) 1 અને 2 સાચાં
(D) 1 અને 2 ખોટાં

037. નીચેના પૈકી કઈ શહેરી સ્થાનીક સ્વરાજની સંસ્થાને બંધારણીય પાયો નથી ?

(A) કેન્ટોનમેન્ટ બોર્ડ
(B) નગર પંચાયત
(C) મ્યુનીસીપલ કાઉન્સીલ
(D) ઉપરના તમામ

038. નીચેના પૈકી કયો બંધારણીય સુધારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બઢતીમાં આરક્ષણની જોગવાઈ કરે છે ?

(A) 80 મો બંધારણીય સુધારા અધિનિયમ
(B) 85 મો બંધારણીય સુધારા અધિનિયમ
(C) 90 મો બંધારણીય સુધારા અધિનિયમ
(D) 95 મો બંધારણીય સુધારા અધિનિયમ

039. નીચેના વિધાનો ધ્યાને લો.

(i) જાહેર ખરડાને સંસદમાં રજૂ કરવા માટે 7 દિવસની નોટીસ જરૂરી છે.

(ii) ખાનગી ખરડાને સંસદમાં રજૂ કરવા માટે 1 મહિનાની નોટીસ જરૂરી છે.

(A) ફક્ત (i) સાચું છે.
(B) ફક્ત (ii) સાચું છે.
(C) (i) અને (ii) બંને સાચાં છે.
(D) (i) અને (ii) બંને ખોટાં છે.

040. ભારતના સંવિધાનના આમુખ સંદર્ભમાં કયુ વિધાન સાચું નથી ?

(A) સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય

(B) વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી સમાનતા

(C) ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા

(D) દરજ્જા અને તકની સમાનતા

041. 'ક' યાદીને 'ખ' યાદી સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (i) પોષણની કક્ષા અને જીવન ધોરણ ઊંચા લાવવા | (1) અનુચ્છેદ - 48 |
| (ii) ગૌહત્યા પ્રતિબંધ | (2) અનુચ્છેદ - 44 |
| (iii) ગ્રામ પંચાયતોની વ્યવસ્થા | (3) અનુચ્છેદ - 47 |
| (iv) સમગ્ર દેશ માટે એકસરખો દિવાની ધારો ઘડવો | (4) અનુચ્છેદ - 40 |

(A) (i) - (3), (ii) - (1), (iii) - (4), (iv) - (2)
(B) (i) - (3), (ii) - (2), (iii) - (1), (iv) - (4)
(C) (i) - (3), (ii) - (4), (iii) - (2), (iv) - (1)
(D) (i) - (4), (ii) - (3), (iii) - (1), (iv) - (2)

042. કયા બંધારણીય સુધારાથી કેન્દ્રિય કાયદાની સંવૈધાનિક કાયદેસરતા અંગેના પ્રશ્નો સંબંધમાં હકૂમત માત્ર ઉચ્ચતમ ન્યાયાલયનની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) સાતમો સુધારો
(B) બેતાળીસમો સુધારો
(C) ચુંમાળીસમો સુધારો
(D) ત્રીસમો સુધારો

043. "જાહેર વ્યવસ્થા, નિતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ આવે એ રીતે ધાર્મિક આસ્થા સ્થાપવાનો અને નિભાવવાનો અધિકાર." - આ વિધાનના કયા આર્ટિકલથી આપવામાં આવેલ છે ?

(A) 23
(B) 24
(C) 25
(D) 26

044. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચા છે ?

1. રાજ્યપાલને મા. રાષ્ટ્રપતિ પોતાના સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમશે.

2. મા. રાજ્યપાલ વિધાનસભામાં ત્રણ વ્યક્તિઓની નિમણૂંક કરી શકે છે.

3. મા. રાજ્યપાલશ્રી ગુનેગારની સજામાં ઘટાડો કરી શકે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1

045. સેન્ટ્રલ વિજીલન્સ કમિશ્નર (Central Vigilance Commissioner) ની નિમણૂંક મા. રાષ્ટ્રપતિશ્રી કમીટીની ભલામણના આધારે કરે છે. આ કમીટીમાં કોણ સભ્યશ્રીઓ હોય છે ?

(A) વડાપ્રધાન, ગૃહપ્રધાન અને વિરોધ પક્ષના નેતા

(B) વડાપ્રધાન, ગૃહપ્રધાન અને નાણાપ્રધાન (મંત્રી)

(C) લોકસભાના અધ્યક્ષશ્રી, વડાપ્રધાન અને ગૃહમંત્રી

(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહીં.

046. ભારતીય ન્યાયતંત્ર પાસે કાયદાને ગેરબંધારણીય જાહેર કરવાની સત્તા છે, જો .....

(A) કાયદો બંધારણની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરતો હોય.

(B) કાયદો રાષ્ટ્રના મૂળ આત્માનું ઉલ્લંઘન કરતો હોય.

(C) કાયદો રાષ્ટ્રપતિના વિશિષ્ટ હકની વિરૂધ્ધમાં હોય.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

047. નાણાં વિધેયક સંદર્ભે નીચેના પૈકી કયું સાચું નથી ?

(A) રાજ્યસભામાં નાણા વિધેયક રજૂ કરવામાં આવશે નહીં.

(B) લોકસભામાં પસાર કર્યા પછી, તેને રાજ્યસભામાં પસાર કરવામાં આવશે.

(C) રાજ્યસભા તેની ભલામણો સાથે તેને ત્રીસ દિવસના સમયગાળામાં પરત કરશે.

(D) જો લોકસભા રાજ્યસભાની કોઈ ભલામણો સ્વીકારે નહીં, તો નાણા વિધેયક પસાર થયેલું ગણાશે.

048. ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે નીચેના પૈકી કયું સાચું નથી ?

(A) નિર્વાચક મંડળ દ્વારા ચૂંટાય છે.

(B) એક જ સ્થાનાંતરિત મત દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વ.

(C) ખુલ્લા મતદાન દ્વારા ચૂંટણી.

(D) પાંચ વર્ષ માટે કાર્યકાળ રહેશે.

049. નીચેના પૈકી કયા લક્ષણો "પરંપરાગત કૃષિ વિકાસ યોજના" અંગે સાચા નથી ?

(A) તે જૈવિક (આર્ગેનિક) ખેતીને ઉત્તેજન આપવા પ્રયત્ન કરે છે.

(B) મુખ્યત્વે નિકાસલક્ષી ખેડૂતના ગ્રુપને સહાય આપવામાં આવશે.

(C) જૈવિક (Organic) પાકોનું ઉત્પાદન મુખ્યત્વે નિકાસના હેતુ માટે કરવામાં આવશે.

(D) જૈવિક પ્રમાણીતતા (Organic certification) માટે થતો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે.

050. અસંગઠીત કામદારો માટેની સ્વાવલંબન પેન્શન યોજના ........... સાથે મર્જ કરી દેવામાં આવેલ છે.

(A) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના (B) અટલ પેન્શન યોજના

(C) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (D) નેશનલ ફેમીલી બેનીફીટ યોજના

051. મહાલનોબિસ મોડેલ (Mahalnobis model) ...........ની સ્થાપના ઉપર ભાર મૂકે છે.

(A) ગ્રાહકલક્ષી માલ ઉદ્યોગો (Consumer goods industries)

(B) નિકાસલક્ષી ઉદ્યોગો

(C) ખેતી આધારિત ઉદ્યોગો

(D) મૂડી અને પાયાના માલ ઉદ્યોગો (Capital and basic goods industries)

052. મસાલા બોન્ડ શું છે ?

(A) ગરમ મસાલાના ભાવને આધારે ઈસ્યુ કરવામાં આવતા બોન્ડ

(B) વિદેશી બેંકો દ્વારા ગરમ મસાલાના ભાવને આધારે ઈસ્યુ કરવામાં આવતા બોન્ડ

(C) રિઝર્વ બેન્ક દ્વારા ઈસ્યુ કરવામાં આવતા બોન્ડ

(D) ઉપર પૈકી એકપણ નહીં.

053. મિશ્ર અર્થતંત્રમાં નીચે પૈકી કયું લક્ષણ જોવા મળતું નથી ?

(A) માત્ર ખાનગી કંપનીઓનું અસ્તિત્વ

(B) માત્ર સરકારી કંપનીઓનું અસ્તિત્વ

(C) વિશેષ આર્થિક ક્ષેત્રોનું અસ્તિત્વ

(D) ઉપર પૈકી એકપણ નહીં.

054. નીચેના વિધાનો ચકાસી સાચો જવાબ લખો.

(1) અંત્યોદય યોજનાની શરૂઆત વર્ષ 1977-78માં થઈ હતી.

(2) સંકલિત ગ્રામ્ય વિકાસ યોજનાની શરૂઆત વર્ષ 1980માં થઈ હતી.

(3) જવાહર રોજગાર યોજનાની શરૂઆત વર્ષ 1989માં થઈ હતી.

(A) વિધાન - 1, 2 સાચા છે.

(B) વિધાન - 1, 3 સાચા છે.

(C) વિધાન - 2, 3 સાચા છે.

(D) વિધાન - 1, 2, 3, સાચા છે.

055. "માઈક્રો ફાયનાન્સ"ની સવલતો સાથે કઈ બાબતોને સાંકળી લેવામાં આવે છે ?

(1) ધિરાણ સવલતો

(2) બચત સવલતો

(3) વિમાની સવલતો

(4) નાણાકિય અદલાબદલી (Transfer) સગવડો

(A) 1, 2, 3 અને 4

(B) 1 અને 2

(C) 1, 3 અને 4

(D) 1, 2 અને 3

056. દેશના અર્થતંત્રનો વિકાસ ક્યારે શક્ય બને છે ?

(A) દુનિયામાં તાંત્રિક પ્રગતી થાય છે.

(B) સંબંધિત દેશમાં વસ્તી વધે છે.

(C) સંબંધિત દેશમાં મૂડીના સર્જન થાય છે.

(D) વિશ્વનો વેપાર વધે છે.

057. જ્યારે કોઈ દેશમાં સતત ખાધવાળું અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે ત્યારે ખાધ ઘટાડવા કયા પગલાં લઈ શકાય ?

(1) મહેસૂલી ખર્ચમાં ઘટાડો.

(2) નવી સામાજીક સહાયની યોજનાઓ જાહેર કરવી.

(3) સબસીડીનું મૂલ્યાંકન કરવું / સહાય ઘટાડવી.

(4) ઔદ્યોગીક એકમોનો વિકાસ કરવો.

(A) 1 અને 3

(B) 2 અને 3

(C) 1 અને 2

(D) 1, 2, 3 અને 4

058. શિશુ મૃત્યુ દર .......... તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

(A) એક વર્ષમાં 100 જીવંત જન્મોમાં મૃત બાળકના જન્મની સંખ્યા

(B) એક વર્ષમાં 1000 જીવંત જન્મોમાં પાંચ વર્ષની ઉંમર પૂર્ણ કરતા પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા

(C) એક વર્ષમાં 1000 જીવંત જન્મોમાં પ્રથમ વર્ષની ઉંમર પૂર્ણ કરતા પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા

(D) એક વર્ષમાં 1000 જીવંત જન્મોમાં જન્મ પછી તુરત જ મૃત્યુ પામતા બાળકોની સંખ્યા

059. હ્યુમન ડેવલોપમેન્ટ રીપોર્ટ વડે માનવ ગરીબી સૂચકાંક તૈયાર કરાવે છે, જેમાં નીચે જણાવેલ માનવી જીવનની વંચિતતાનો આવશ્યક તત્ત્વો ધ્યાનમાં લેવામાં આવે છે.

1. દીર્ઘાયુષ્ય (Longerity)

2. જ્ઞાન/માહિતિ (Knowledge)

3. સત્તા કે અધિકાર થી સમર્થતા (Empwerment)

4. જીવનનુ શિષ્ટ/સુઘડ ધોરણ

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2, 3 અને 4

060. જેઓ ગરીબી રેખાની નીચે છે તે તમામની ઉન્નતિ માટે આવકની કુલ રકમ જરૂરી છે, ગરીબી રેખાને પહોચવાને .......... કહે છે.

(A) સંબંધિત ગરીબી અંતર (Relative poverty gap)

(B) સંપૂર્ણ ગરીબી અંતર (Total poverty gap)

(C) આંશિક ગરીબી અંતર (Partial poverty gap)

(D) વળતર ગરીબી અંતર (Compensatory poverty gap)

061. કેલ્વિન ચક્ર શું છે ?

(A) હરિતકણ ધરાવતી વનસ્પતિમાં સૂર્યપ્રકાશના શોષણ બાદ પ્રકાશની ગેરહાજરીમાં થતી પ્રક્રિયાનું ચક્ર

(B) ખોરાકના પાચનનું ચક્ર

(C) પૃથ્વી પર સમગ્ર ઉષ્માના વહનનું ચક્ર

(D) ઉપર પૈકી એક પણ નહીં

062. નીચે પૈકી કઈ પદ્ધતિ "હાઈડ્રોપોનિક્સ" ખેતીની સાથે સંબંધિત છે ?

(A) વોટર કલ્ચર

(B) સેન્ડ કલ્ચર

(C) ગ્રેવલ કલ્ચર

(D) ઉપર્યુક્ત ત્રણેય

063. નીચે દર્શાવેલ રોગો પૈકી એવો કયો રોગ છે, જે બેક્ટેરીયાથી પેદા થાય છે ?

(A) પ્લેગ

(B) હિપેટાઈટીસ

(C) ઈન્ફ્લૂએન્ઝા

(D) અછબડા

064. પેનિસિલિનના શોધક કોણ હતાં ?

(A) ડૉ. જગદીશચંદ્ર બોઝ

(B) ગ્રેગરી મેન્ડલ

(C) એ. ફ્લેમીંગ

(D) લૂઈ પાશ્ચર

065. વિદ્યુત પ્રવાહ માપવા માટે નીચેના પૈકી કયા યંત્રનો ઉપયોગ થાય છે ?

(A) ગેલ્વેનોમીટર

(B) ઈલેક્ટ્રોમીટર

(C) એમીટર

(D) થર્મોમીટર

066. માનવ શરીરમાં રંગસૂત્રોની સંખ્યા કેટલી છે ?

(A) 44 (B) 46

(C) 48 (D) 52

067. 'ફલાય એશ' (Fly Ash) ની બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન સાચા છે ?

(1) તે કોલસો બળવાની પ્રક્રિયામાંથી કુદરતી ઉત્પન્ન થતી એક પેદાશ છે.

(2) તે સામાન્ય રીતે કોંક્રીટ બનાવવા વપરાતા પોર્ટલેન્ડ સિમેન્ટના આંશિક ફેરબદલ (Replacement) તરીકે વપરાય છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) 1 પણ નહિં કે 2 પણ નહિં

068. 'ઓ' ગ્રુપ ('O' group) ના રક્ત દાતા વ્યક્તિને કેટલીક વાર 'યુનિવર્સલ દાતા' કહે છે. કારણ કે ...........

(A) લોહીમાંના રોગપ્રતિકાર તત્ત્વોની ઉણપ (Lack of Antibodies)

(B) બંને એન્ટીજીન્સ અને એન્ટીબોડીઝના અભાવે (Lack of both antigens and antibodies)

(C) એન્ટીજીન્સની ઉણપ (Lack of antigens)

(D) એન્ટીજીન્સની હાજરી (The presence of atigens)

069. નીચેના વિધા પૈકી કયું/કયાં વિધાન 'મિશન શક્તિ' (Anti Satellite Weapon Systems) ની બાબતે સાચું/સાચાં છે ?

(1) પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (Low earth orbit)માં પરિક્રમા કરી રહેલા ભારતના ઉપગ્રહને તોડી પાડવામાં આવ્યો હતો.

(2) ઉપગ્રહ પૃથ્વીથી આશરે 300 km દૂર હતો.

(3) તોડી પડાયેલ ભારતીય ઉપગ્રહ કે જે રડાર ઈમેજીંગ સેટેલાઈટ (RIS-14) હતો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

070. 'વસ્તુ અંતરજાલ (Internet of Things)' એટલે શું ?

(A) UN દ્વારા શરૂ કરવામાં આવેલી પદ્ધતિ જે સમગ્ર વિશ્વ સંયોજકતા છે.

(B) ભૌતિક વસ્તુનું નેટવર્કીંગ જે એકબીજાને માહિતી પ્રસારીત કરે છે.

(C) ભારત સરકારનો એક કાર્યક્રમ

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

071. TV નું રીમોટ કંટ્રોલ કયા તરંગોથી ચાલે છે ?

(A) રેડિયો તરંગો (B) ઈન્ફ્રારેડ તરંગો

(C) લેસર (D) અલ્ટ્રાસોનીક તરંગો

072. સિફિલિસ / ઉપદંશ જાતિય સંક્રમણ રોગ છે, જે .......... થી થાય છે.

(A) વિષાણુ (વાયરસ) (B) ફૂગ (ફંગસ)

(C) સૂક્ષ્મ જંતુ (બેક્ટેરીયા) (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

073. નીચેના પૈકી કયુ ધાન્ય અમેરીકાની વિશ્વને સૌથી મોટી ભેટ ગણાય છે ?

(A) મકાઈ (B) ચોખા

(C) ઘઉં (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

074. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ (Ease of Doing Business Index) રિપોર્ટ કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે ?

(A) વર્લ્ડ બેન્ક
(B) વિશ્વ આર્થિક મંચ
(C) WTO
(D) ILO

075. ચિલ્હાટી - હલ્દીબાડી માર્ગ ભારત અને બીજા કયા દેશ વચ્ચે આવેલ છે ?

(A) બાંગ્લાદેશ
(B) ભૂટાન
(C) નેપાળ
(D) અફઘાનિસ્તાન

076. તાજેતરમાં ચર્ચિત એમવી એક્સ પ્રેસ પર્લ (MV X-Press Pearl) શું છે ?

(A) કંટેનર જહાજ
(B) કોમોડીટી માર્કેટનો નવો ઈન્ડેક્સ
(C) જર્નાલિસ્ટંસ કોન્ફરન્સ
(D) ઉપરોક્ત પૈકી એક પન નહીં

077. મધ્યાહ્ન ભોજન કાર્યક્રમના સંદર્ભમાં નીચેના વાક્યો ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આમા લાભાર્થી તરીકે સરકારી, સરકારી સહાયતા પ્રાપ્ત કરતી શાળાઓ, વિશેષ પ્રશિક્ષણ કેન્દ્રો અને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમર્થિત મદરેસામાં ભણવા વાળા ધો. 1 થી 8 ના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

2. આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ-2013 ને અંતર્ગત આવે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

078. વજ્ર પ્રહાર (Vajra Prahar) એ ભારત સાથે બીજા કયાં દેશનો સંયુક્ત અભ્યાસ છે ?

(A) યુ.કે.
(B) યુ.એસ.એ.
(C) જર્મની
(D) ફ્રાન્સ

079. દીપોર બિલ (Deepor Beel) અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ?

(A) આસામ
(B) ત્રિપુરા
(C) મિઝોરમ
(D) મણીપુર

080. વેટલેન્ડ સંરક્ષણ (Wetland Conservation) માટે ભારતે તેનુ પ્રથમ કેન્દ્રની કયાં રાજ્યના શહેરમાં સ્થાપના કરી ?

(A) ઓરિસ્સા
(B) તમિલનાડુ
(C) ગુજરાત
(D) આંધ્ર પ્રદેશ

081. ધ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (The Earth observation satellite) Gaofen-5 02 કયા દેશ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?

(A) ફ્રાન્સ
(B) જર્મની
(C) ચીન
(D) જાપાન

082. નીચે પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

| | મુખ્યમંત્રી | રાજ્ય |
|---|---|---|
| (A) | ભુપેન્દ્રભાઈ પટેલ | ગુજરાત |
| (B) | એમ.કે. સ્ટાલિન | તમિલનાડુ |
| (C) | કે. ચંદ્રશેખર રાવ | આંધ્ર પ્રદેશ |
| (D) | હિમંતા બિસ્વા સર્મા | આસામ |

083. ભારતના પ્રથમ સેટેલાઈટ અને ન્યુક્લિઅર મિસાઈલ ટ્રેકીંગ જહાજનું નામ શું છે ?

(A) INS Dhruv
(B) INS Virat
(C) INS Tez
(D) INS Lakshya

084. ટેલિકોમ સેક્ટર માટે કેન્દ્રની કેબિનેટ (Union cabinet) દ્વારા Foreign Direct Investment (FDI) ની કેટલી મર્યાદા રાખવામાં આવેલ છે ?

(A) 49%
(B) 74%
(C) 100%
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

085. ''સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ'' (Special drawing rights) ટર્મ કઈ સંસ્થા સાથે સંકળાયેલ છે ?

(A) વર્લ્ડ બેન્ક (WB)
(B) ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF)
(C) વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)
(D) વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)

086. એક વર્ગમાં જાવેદ ટોચ પરથી 9 મા ક્રમે છે અને નીચેની 38 મા ક્રમે છે. વર્ગમાં કેટલા વિદ્યાર્થી હશે ?

(A) 45
(B) 46
(C) 47
(D) 48

087. સૂર્યોદયે મદન એક થાંભલા સામે ઉભો હતો, થાંભલાનો પડછાયો મદનની બરાબર જમણી બાજુએ હતો. મદન કઈ દિશામાં વદન કરી ઉભો હતો ?

(A) પૂર્વ
(B) પશ્ચિમ
(C) દક્ષિણ
(D) ઉત્તર

088. $2.2 \times 5.6 + 17.8 = \ldots ? \ldots$

(A) 30.12
(B) 30.012
(C) 31.12
(D) 31.012

089. પ્રિયા એક રકમ 3 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજે 10% ના દરે મૂકે છે. જો 3 વર્ષ બાદ તેને કુલ વ્યાજ રૂા. 4,965 મળે તો તેણે કેટલી રકમ વ્યાજે મૂકી હશે ?

(A) રૂા. 12500
(B) રૂા. 15000
(C) રૂા. 17500
(D) ઉપરના પૈકી કોઈ નહીં

090. 5 સંખ્યાઓની સરેરાશ 80 છે જો તે પૈકીની પ્રથમ 2 સંખ્યાઓ અને અંતિમ 2 સંખ્યાઓની સરેરાશ અનુક્રમે 50 અને 90 હોય તો વચ્ચેની સંખ્યા કઈ હશે ?

(A) 100
(B) 80
(C) 120
(D) ઉપરના પૈકી કોઈ નહીં

091. એક લંબચોરસની પરિમિતી 46 મીટર તથા તેનું ક્ષેત્રફળ 120 ચો. મી. છે, તો તે લંબચોરસના વિકર્ણની લંબાઈ કેટલી થશે ?

(A) 15 મી.
(B) 16 મી.
(C) 17 મી.
(D) 18 મી.

092. એક સ્ત્રીની છબી તરફ જોઈ મિતેશે કહ્યું ''તેના પિતાના ભાઈ મારા ભાઈના પિતા છે''. તો તે સ્ત્રી મિતેશની કોણ હશે ?

(A) ફોઈ
(B) માસી
(C) પિતરાઈ બહેન
(D) આમાંનુ એક પણ નહીં.

093. એક મોટરબોટની સ્થિર પાણીમાં ઝડપ 12 કિમી/કલાક છે. તે પ્રવાહની દિશામાં 45 કિમી અંતર કાપી મૂળ સ્થાને પરત ફરે છે. જો તેને સમગ્ર મુસાફરી માટે કુલ 8 કલાક લાગતા હોય તો પ્રવાહની ઝડપ કેટલી હશે?

(A) 2.4 કિમી/કલાક
(B) 3 કિમી/કલાક
(C) 4.5 કિમી/કલાક
(D) આમાંનુ એક પણ નહીં

094. 100 વિદ્યાર્થીઓના એક વર્ગમાં 34 વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય પસંદ છે, જ્યારે 46 વિદ્યાર્થીઓને ગણિત વિષય પસંદ છે. જો 10 વિદ્યાર્થીઓને બંને વિષય પસંદ હોય તો બે પૈકી એકપણ વિષય પસંદ ન હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે?

(A) 20
(B) 26
(C) 30
(D) આમાંનુ એક પણ નહીં

095. એક ઘડીયાળમાં 1 વાગે 1 ડંકો, 2 વાગે 2 ડંકા, 3 વાગે 3 ડંકા ...... વાગે છે. આ સંજોગોમાં ચોવીસ કલાકમાં કુલ કેટલી વખત ડંકા વાગશે ? (ડંકા દર કલાકે વાગે છે.)

(A) 78
(B) 136
(C) 146
(D) 156

096. નીચેના શબ્દોને શબ્દકોશ (Dictionary) મુજબ ગોઠવો.

Direct, Divide, Divest, Devine

(A) Devine, Direct, Divest, Divide
(B) Devine, Direct, Divide, Divest
(C) Devine, Divide, Divest, Direct
(D) Devine, Divest, Direct, Divide

097. નીચેના મૂળાક્ષરોની શ્રેણીના આગળનું પદ કયું હશે ?

G, H, J, M, ..........

(A) N
(B) O
(C) P
(D) Q

098. એક પેટીમાં 6 કાળા અને 4 વાદળી દડા છે. તેમાંથી 2 દડા યાદ્રચ્છિક રીતે ઉપાડવામાં આવે છે. તો આ બંન્ને દડા એક જ રંગના હોય તેની સંભાવના કેટલી ?

(A) 2/3
(B) 11/15
(C) 7/15
(D) આમાંનુ એક પણ નહીં

099. ચતુષ્કોણ ABCD સમાંતરબાજુ ચતુષ્કોણ હોય તો નીચે પૈકી કયુ વિધાન સાચું છે ?

(1) AC અને BD એક બીજાના લંબ દ્વિભાજકો છે.

(2) જો M એ AB નું મધ્યબિંદુ હોય તો $CM \perp AB$

(A) ફક્ત (1)
(B) ફક્ત (2)
(C) બન્ને વિધાનો સાચા છે.
(D) એક પણ વિધાન સાચું નથી.

100. 39 માણસો દિવસના 5 કલાક કામ કરી એક રસ્તો 12 દિવસમાં તૈયાર કરી શકે છે. તો 30 માણસો દિવસના 6 કલાક કામ કરી તે રસ્તો કેટલા દિવસમાં તૈયાર કરી શકશે ?

(A) 12
(B) 13
(C) 26
(D) આમાંનુ એક પણ નહીં

★ નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેને આધારે પ્રશ્ન **101** થી **105** ના ઉત્તર આપો.

વ્યવહાર સાથે પરમાર્થને શી રીતે જોડવો, ચોતરફ ચાલતી દુનિયાદારીના પ્રચંડ વિગ્રહની વચમાં ઊભા રહી પ્રભુભક્તિ શી રીતે કરવી, - એ પ્રશ્ન હંમેશાં વિકટ ગણાયો છે. પણ વર્તમાન સમયમાં તો એ ઘણાંને તદ્દન અસમાધેય જ લાગે છે. કેટલાક મનુષ્યમાં ધનની તૃષ્ણાનો વાયુ પુષ્કળ બ્હેકી રહ્યો હોય છે તેમને માટે તો કદાચ એમ કહી શકાય કે તેઓ પ્રભુનું સ્મરણ કરતા નથી એ એમની ભૂલ છે. પણ જે મનુષ્યોને સામાન્ય ગુજરાન માટે ઘર અને બજારનાં વૈતરાં કરવાં પડે છે તેમની પાસે પ્રભુભક્તિની શી આશા રાખી શકાય ? બેશક, જો પ્રભુ જ નિત્ય અને સાચો ઠરે અને આ દુનિયા ક્ષણભંગુર અને મિથ્યા ઠરે તો પ્રભુ સામે કોઈ પણ સ્વાર્થને ટકવાનો હક નથી. પણ આ દુનિયા જેવી સત્ય અને અનિવાર્ય લાગે છે તેવો પ્રભુ જ્યાં સુધી નથી લાગતો ત્યાં સુધી તો આ દુનિયાના વ્યવહારને જ પ્રાધાન્ય આપવું જોઈએ. આમ, પૂર્વપક્ષ થાય છે. આથી વર્તમાન સમયમાં ધર્મ પ્રત્યે સામાન્ય જનોમાં અનેક તરેહના ભાવો જોવામાં આવે છે. કેટલાક તો ધર્મને - ડાહ્યાની સભામાં ગાંડો આવ્યો હોય તેમ પોતાના ડાહ્યાડમરા દુનિયાદારીના વિચારોની મોગલાઈ સભામાંથી હસીને હાંકી કાઢે છે ! કેટલાક એ બિચારાને સભામાં છેલ્લે એક ખૂણે બેસાડી મૂકે છે. અને એ ડાહ્યાઓની સભામાં એને જરાયે બોલવાનો હક તો શેનો જ હોય ? કેટલાક મનુષ્યહૃદયના ભાવોમાં એની ઉત્કૃષ્ટતા સ્વીકારી છે; પણ એ તો જાણે વારે તહેવારે ઘડી બે ઘડી પહેરવાનાં કપડાં હોય એમ સમજીને! વળી કેટલાક એને આ કરતાં વધારે આવશ્યક માને છે. પણ તેઓ એના ઉપર દર અઠવાડિયે મળ ધોવાની 'કેથાટિક પિલ' કરતાં તાવ રોકવાના 'ક્વિનીન' કરતાં વધારે પ્રેમની દૃષ્ટિએ જોતાં નથી.

— આચાર્ય આનંદ શંકર ધ્રુવ

**101.** કઈ વાત મુશ્કેલ છે ?

(A) પ્રચંડ વિગ્રહનો સામનો કરવો
(B) પરમાર્થ કરવો
(C) ભક્તિ કરવી
(D) વ્યવહાર - પરમાર્થ કરવો

**102.** ધનની તૃષ્ણાનો વાયુ બ્હેકી રહેવો એટલે શું ?

(A) ધન પ્રાપ્ત કરવું
(B) ધન પ્રાપ્ત કરવાની આંધળી દોટ
(C) ધનની વર્ષા થવી
(D) ભગવાનને પામવાની તરસ

**103.** કેવા માણસો પાસે ભક્તિની આશા રાખી શકાય નહીં?

(A) જે ધન પ્રાપ્તિને મહત્વ આપે
(B) જેને બે છેડા ભેગા કરવામાં મુશ્કેલી પડતી હોય
(C) જે ધન પ્રાપ્તિને મહત્વ ન આપે
(D) ઉપરના ત્રણમાંથી એક પણ નહીં

**104.** જીવનવ્યવહારને જ ક્યારે મહત્વ આપવું જોઈએ?

(A) સત્ય અનિવાર્ય લાગે ત્યારે
(B) પ્રભુ અનિવાર્ય લાગે ત્યારે
(C) વ્યવહાર અનિવાર્ય લાગે ત્યારે
(D) પ્રભુ અનિવાર્ય ન લાગે ત્યારે

**105.** કેટલાક મનુષ્યો ભગવાનની ભક્તિ કેવી રીતે કરે છે?

(A) ધૂપદીપ કરીને
(B) પોતાનો સ્વાર્થ સાધવા
(C) હાથ જોડીને
(D) પરમાર્થ કરવા

**106.** કહેવતનો અર્થ આપો : 'અનાથિયાને ગામની કનવાર'

(A) મા-બાપ વગરનાને આખા ગામનો સહારો
(B) આળસુને આખા ગામની પંચાત
(C) મા-બાપ વગરનાને આખું ગામ કનડે
(D) ગરીબને બધાં રંજાડે

**107.** વિરુદ્ધાર્થી કહેવત આપો : ' મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે'

(A) પોતાની લાપસી ને બીજાની કુશકી
(B) ઝાઝાં જણ્યાં ને ખાવા ટળ્યાં
(C) જણ્યાં પણ વણ્યાં નહિ
(D) વડ તેવા ટેટા

108. સમાનાર્થી કહેવત આપો : 'આપણી તે રૂડી ને બીજાની તે બાપડી'

(A) પારકી આશ સદા નિરાશ

(B) છગનમગન બે સોનાના

(C) ઓળખાણ મોટી ખાણ છે

(D) શક્તિ તેવી ભક્તિ

109. જુદી પડતી કહેવત પસંદ કરો.

(A) હીરો ઘોઘે જઈ આવ્યો

(B) વહેલા ઊઠ્યા ને ભૂલા પડ્યા

(C) ખોદવો ડુંગર ને કાઢવો ઉંદર

(D) વખતનાં વાજાં વખતે વાગે

110. કહેવતનો અર્થ આપો : 'ચરરર મરરર ચાનજી ને ગજવામાં રામજી'

(A) કડાકો ધનવાન હોવાનો ડોળ કરે

(B) ધન અને ભક્તિ સાથે રાખવાં

(C) ખાતાં જવું અને ભગવાનનું નામ લેવું

(D) મોટાં નાનાને દબડાવે

111. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'હિંડોળે ચડાવવું'

(A) સુખ સાહ્યબી આપવાં

(B) ચર્ચાસ્પદ બનાવવું

(C) નિકાલ ન થવા દેવો

(D) પ્રસિદ્ધ કરવું

112. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'પગ પર માથું મૂકવું

(A) અપમાન કરવું

(B) શોષણ કરવું

(C) આશીર્વાદ માગવા

(D) શરણે જવું

113. જુદો પડતો રૂઢિપ્રયોગ શોધો.

(A) શ્રાવણ ભાદરવો વરસવો

(B) ગંગા જમના વહેવાં

(C) આંખમાં પાણી આવવું

(D) બારે મેહ વરસવા

114. રૂઢિપ્રયોગના અર્થનો અયોગ્ય વિકલ્પ આપો : 'મોટે પાટલે બેસવું'

(A) ઊંચા પદે બેસવું

(B) આજીજી કે કાલાંવાલાં કરાવવાં

(C) ફુલાવવું

(D) ગર્વ કરવો

115. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'રાગ આવવો'

(A) ગીત ગાવું

(B) સંસારી થવું

(C) મેળ પડવો

(D) સારા કામે જવું

116. સમાનાર્થી શબ્દ આપો : 'અનીસ'

(A) દયા

(B) દોસ્ત

(C) પડઘો

(D) દિવસ

117. સમાનાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ આપો.

(A) અભિજ્ઞ, અરિષ્ટ, તદ્વિદ

(B) તજજ્ઞ, તદ્વિદ, અર્ચિ

(C) તજજ્ઞ, તદ્વિદ, અભિજ્ઞ

(D) અભિજ્ઞ, સુજ્ઞ, અયુત

118. સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) ગવાક્ષ, બાકું, જાળિયું

(B) રાશિ, ગંજ, ઢગલો

(C) વિધાતા, દૈવ, પ્રારબ્ધ

(D) લોહી, રિક્ત, શોણિત

119. સમાનાર્થી શબ્દ આપો : 'દશન'

(A) દાંત

(B) દશ

(C) પવિત્ર

(D) દર્શન

120. સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) સંવિત્તિ (B) જ્ઞાન

(C) શક્તિ (D) ચૈતન્ય

121. વિરુદ્ધાર્થી શબ્દ આપો : 'ભવ્ય'

(A) રમ્ય (B) સામાન્ય

(C) ગમ્ય (D) સૌમ્ય

122. વિરુદ્ધાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) સંમતિ × અસંમતિ (B) જુદાઈ × મિલન

(C) શાહુકાર × ગરીબ (D) અસમર્થ × વ્યર્થ

123. વિરુદ્ધાર્થી શબ્દ માટે જોડકાનો યોગ્ય વિકલ્પ આપો.

| | |
|---|---|
| 1. કવા | a. સવા |
| 2. ગુહ્ય | b. ચેતન |
| 3. દંઢ | c. પ્રગટ |
| 4. નઘરોળ | d. મેવા |
| | e. શિથિલ |

(A) 1 - d, 2 - a, 3 - e, 4 - b (B) 1 - c, 2 - e, 3 - a, 4 - b

(C) 1 - e, 2 - c, 3 - b, 4 - a (D) 1 - a, 2 - c, 3 - e, 4 - b

124. વિરુદ્ધાર્થી શબ્દ આપો : 'છિન્ન'

(A) ભિન્ન (B) વિભિન્ન

(C) અભિન્ન (D) વિચ્છિન્ન

125. સાચી જોડણી શોધો.

(A) રવિમરીચિ (B) રવીમરીચી

(C) રવિમરીચી (D) રવિમરિચિ

126. સાચી જોડણીનો વિકલ્પ શોધો.

(A) વિધીપાસ (B) વિધિપાશ

(C) વિધીપાશ (D) વીધીપાસ

127. સાચી જોડણીનો વિકલ્પ શોધો.

(A) પત્થર, નિષ્ણાંત, આંતકવાદ (B) પથ્થર, નિષ્ણાંત, આંતકવાદ

(C) પથ્થર, નિષ્ણાત, આતંકવાદ (D) પથ્થર, નિષ્ણાત, આંતકવાદ

128. સાચી જોડણી શોધો.

(A) સહસ્ર (B) ચુંટણી

(C) વ્યાજબી (D) ગણત્રી

129. અલંકાર ઓળખાવો : 'એ આંખોમાં વહાલ, વિષાદ અને વ્યથાની વારતા મૂંગી મૂંગી રડતી હતી'

(A) વર્ણાનુપ્રાસ, વ્યતિરેક (B) વર્ણાનુપ્રાસ, સજીવારોપણ

(C) સજીવારોપણ, વ્યાજસ્તુતિ (D) સજીવારોપણ, ઉત્પ્રેક્ષા

130. અલંકારનું જુદું પડતું ઉદાહરણ ઓળખાવો.

(A) પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની
(B) રાજાના મોં પર આશાના કિરણ ફૂટ્યાં
(C) ન્હોતી ખબર કે જિંદગી તું તો છે માત્ર ગણિત
(D) સુદામાના વૈભવ આગળ તો કુબેર કોણ માત્ર?

131. અલંકારનું ઉદાહરણ ઓળખાવો : 'રૂપક'

(A) ઈચ્છાનો અંકુર મનુષ્યમાત્રમાં જન્મથી ફૂટે છે
(B) બપોર શિકારી કૂતરા જેવું છે
(C) બળમાં તે જાણે રાજા સિંહ
(D) ગંભીરતામાં વર્ણવું, પણ અર્ણવમાં ખારાશ

132. અલંકાર ઓળખાવો : 'શું પ્રલે કરવા શિવે કોપ કીધો, શકે રાવણે કાળનો વેશ લીધો'

(A) ઉપમા
(B) ઉત્પ્રેક્ષા
(C) વ્યતિરેક
(D) વ્યાજસ્તુતિ

133. સમાસ ઓળખાવો : 'દુઃખાબ્ધિ'

(A) કર્મધારય
(B) બહુવ્રીહિ
(C) ઉપપદ
(D) મધ્યમપદલોપી

134. જુદો પડતો સામાસિક શબ્દ ઓળખાવો.

(A) નીમ્નગા
(B) ભાષ્યકાર
(C) રસબોળ
(D) નર્મદા

135. સમાસ ઓળખાવો : 'શ્રીયુત'

(A) દ્વંદ્વ
(B) તત્પુરુષ
(C) કર્મધારય
(D) બહુવ્રીહિ

136. જુદો પડતો સામાસિક શબ્દ ઓળખાવો :

(A) રસાર્દ્ર
(B) આશાભર્યું
(C) ગુણસંપન્ન
(D) ઈન્દ્રજીત

137. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 'સહાનુભૂતિથી ઉપજતો આનંદ'

(A) અનુમોદ
(B) હાકોટો
(C) હકાર
(D) રાજિત

138. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 'જેને ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે તેવો'

(A) હઠીલો
(B) અનુરુદ્ધ
(C) જક્કી
(D) વિનીત

139. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 'વૃદ્ધ છતાં મજબુત બાંધાનું'

(A) અડીખમ
(B) પીઢ
(C) ખખડધજ
(D) ખમતીધર

140. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 'પીડિતનું રક્ષણ'

(A) ઉપરાણું
(B) દીનત્રાતા
(C) દીનદયાલ
(D) આર્ત્તત્રાણ

141. સંધિ જોડો : 'જાતિ + અભિમાન'

(A) જાતીભિમાન
(B) જાત્યાભિમાન
(C) જાતિભિમાન
(D) જાત્યભિમાન

142. સંધિ જોડો : 'ગો + અક્ષ'

(A) ગોખ
(B) ગોક્ષ
(C) ગવાક્ષ
(D) ગોક્કક્ષ

143. સંધિ છોડો : 'આચ્છાદન'

(A) અ + છદન
(B) આ + છાદન
(C) આચ્છ + દન
(D) આચ્ચા + દન

144. સાચી સંધિ ઓળખાવો :

(A) પ્રાચ્ + મુખ = પ્રાગ્મુખ
(B) તદ્ + લીન = તલ્લીના
(C) સ્ + વૈર = સ્વૈર
(D) ગંગા + ઔઘ = ગંગૌઘ

145. સંધિ છોડોઃ 'સારંગ'

(A) સ + રંગ
(B) સા + રંગ
(C) સાર + અંગ
(D) સુ + રંગ

146. છંદ ઓળખાવો : 'રે આ સાફલ્યટાણું, યુગયુગ પલટે તોયે પાછું ન આવે'

(A) શાર્દૂલવિક્રીડિત
(B) શિખરિણી
(C) મંદાક્રાન્તા
(D) સ્રગ્ધરા

147. છંદનું જુદું પડતું ઉદાહરણ ઓળખાવોઃ

(A) જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે
(B) સૂરજદેવે આંખ ઉઘાડી, હિંગળોક શી ઊગતે પહોર
(C) માનવી માત્ર જગદીશનો અંશ છે, રંગ ને રૂપના ભેદ ખોટા
(D) આજ આ શાલની મંજરી ઝરીઝરી પમરતી પાથરી દે પથારી

148. છંદ ઓળખાવો : 'ભલે નયનથી રહે સુદૂર તે છતાં રે પ્રિયે'

(A) મંદાક્રાન્તા
(B) શિખરિણી
(C) પૃથ્વી
(D) હરિણી

149. છંદનું ઉદાહરણ આપો. 'ભુજંગી'

(A) ભલો દૂરથી દેખાતાં દિલ ભાવ્યો,
પડી જેમ આકાશમાં મેઘ આવ્યો.

(B) વિચારતાં નેત્ર જળે ભરાય છે,
શરીરનું ચેતન ત્યાં હરાય છે.

(C) કદી ઉપાડી નિજ અંકમાં લે
માથે મૂકી હાથ લળી ચૂમી લે

(D) પ્રભુ બંધનમાં જકડાઈ ગયો
મુજ દેહ બધો અકડાઈ ગયો

150. છંદના યોગ્ય જોડકાનો વિકલ્પ આપો.

1. વૃદ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી — a. મંદાક્રાન્તા

2. આદિત્યનો અસ્ત થતાં થાય છે અંધારું ધબ — b. અનુષ્ટુપ

3. રોમે રોમે વિરહભયની વેદના વળે છે — c. શિખરિણી

4. લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી — d. મનહર

e. પૃથ્વી

(A) 1 - d, 2 - b, 3 - a, 4 - e
(B) 1 - e, 2 - b, 3 - a, 4 - c
(C) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(D) 1 - e, 2 - a, 3 - d, 4 - c

151. If you had touched that electric cable you (be) electrocuted. (Put the verb in brackets into correct tense)

(A) had been
(B) will be
(C) would have been
(D) would had been

152. Unless they leave a lamp beside that hole in the road somebody (fall) into it. (Put the verb in brackets into correct tense)

(A) would fall
(B) could fall
(C) should fall
(D) will fall

153. You will get pneumonia if you (not change) your wet clothes. (Put the verb in brackets into correct tense)

(A) don't change
(B) wouldn't change
(C) didn't change
(D) shouldn't change

154. If I had known that you couldn't eat egg I (not buy) it. (Put the verb in brackets into correct tense)

(A) couldn't have bought
(B) wouldn't have bought
(C) mightn't have bought
(D) shouldn't have bought

155. I'm for (do) nothing till the police arrive. They don't like you (move) anything when a crime has been committed. (Put the verbs in brackets in correct gerund, infinitive or present participle form)

(A) to do; to move
(B) doing; moving
(C) to do; moving
(D) None of the above

156. He didn't like (leave) the children alone in the house but he had no alternative as he had (go) out to work. (Put the verbs in brackets in correct gerund, infinitive or present participle form)

(A) leave; to go
(B) to leave; to go
(C) leaving; to go
(D) leaving; going

157. Identify the correct sentence:

(A) I realized how different everybody's personality is.
(B) I realized how much different everybody's personality is.
(C) I realized how too much different everybody's personality is.
(D) I realized how more different everybody's personality is.

158. Identify the correct sentence:

(A) One of the bottles including the virus had been stolen.

(B) One of the bottle including the virus had been stolen.

(C) One of the bottles containing the virus had been stolen.

(D) One of the bottle containing the virus had been stolen.

159. The price _______ a small charge for postage and packing. (choose the correct word)

(A) contains (B) consists

(C) comprises (D) includes

160. _______ has developed rapidly over the years at the expense of agriculture. (Choose the correct word)

(A) Industry (B) Company

(C) Plant (D) Factory

161. Most people like _______ rest after _______ hard day's work, but Tom seems to have _______ inexhaustible supply of energy. (supply appropriate articles, wherever necessary)

(A) a; the; the (B) a; the; an

(C) a; ____; an (D) a; a; an

162. I've told you _______ hundred times not to come into _______ room with _______ hat on. (supply appropriate articles, wherever necessary)

(A) a; the; the (B) the; the; the

(C) the; a; the (D) a; the; a

163. That's only _______ superstition. Only _______ idiot believes in _______ superstitions. (supply appropriate articles, wherever necessary)

(A) the; an; the (B) the; an; ____

(C) a; an; ____ (D) the; a; the

164. He says _______ caravan is no good; he needs _______ cottage. (supply appropriate articles, if necessary)

(A) a; a (B) a; ____

(C) the; ____ (D) ____; a

165. He opened the door _______ a rusty key and went down the steps _______ a cellar. (supply appropriate prepositions, if necessary)

(A) by; to (B) with; of

(C) of; to (D) with; into

166. The adults worked _______ 6 a.m. to 6 p.m. _______ an hour _______ lunch. (supply appropriate prepositions, if necessary)

(A) by; with; at (B) ____; to; for

(C) from; with; for (D) from; to; during

167. He died _______ heart failure _______ Tuesday night. His wife is still suffering _______ shock. (supply appropriate prepositions, if necessary)

(A) by; during; with (B) of; on; from

(C) of; in; with (D) by; at; from

168. The house is _______ fire. Send _______ the Fire Brigade. (supply appropriate prepositions, if necessary)

(A) on; for (B) on; ____

(C) under; off (D) under; ____

169. "After the battle they buried the dead." The adjective "dead" is used as _______ in this sentence.

(A) Article (B) Pronoun

(C) Noun (D) Adverb

170. "You can go direct from Victoria to Euston." Identify the part of speech of the word "direct":

(A) Noun (B) Verb

(C) Adjective (D) Adverb

171. "He was angry, nevertheless he listened to me very patiently." Identify conjunction in the sentence.

(A) angry (B) nevertheless

(C) me (D) very

172. But guide dogs can come in. (use the appropriate question tag)

(A) Can they? (B) Can't they?

(C) Do they? (D) Don't they?

173. He hardly ever leaves the house. (use the appropriate question tag)

(A) Is it? (B) Isn't it?

(C) Does he? (D) Doesn't he?

174. You _______ to take these blue pills as the doctor insists on it. (use the appropriate auxiliary)

(A) need (B) ought

(C) have (D) must

175. He doesn't believe in conventional medicine; he has _______ remedy of his own. (choose appropriate adjective)

(A) some (B) no

(C) any (D) none of the above

176. Has someone posted my parcel? (change the voice)

(A) Has by someone my parcel being posted?

(B) Has my parcel been posted?

(C) Had my parcel been posted?

(D) Had the parcel been posted by someone?

177. Why did no one inform me of the change of plan? (change the voice)

(A) Why wasn't I informed about the change of plan?

(B) Why didn't I informed of the change of plan?

(C) Why wasn't the change of plan informed by me?

(D) Why wasn't I informed of the change of plan?

178. Tom Smith wrote the book and Brown and Co. published it. (change the voice)

(A) The book was written by Tom Smith and published by Brown and Co.

(B) The book has been written by Tom Smith and published by Brown and Co.

(C) The book is written by Tom Smith and published by Brown and Co.

(D) The book had been written by Tom Smith and published by Brown and Co.

179. We shall have to tow the car to the garage. (change the voice)

(A) The car has got to be toed to the garage.

(B) The car should have to be towed to the garage.

(C) The car would have to be toed to the garage.

(D) The car will have to be towed to the garage.

180. "Got" is the _______ form of the verb "get".

(A) Past (B) Past participle

(C) Both (A) and (B) (D) None of the above

181. One of the past forms of the verb "forbid" is:

(A) forbad (B) forbud

(C) forbidden (D) forbidding

182. "A _______ test" (Complete the idiom to define something that shows clearly what someone's opinions or intentions are)

(A) legitimate (B) lotus

(C) critical (D) litmus

183. He has been pressing for the organization to move, lock, _______, and barrel, from Paris to Brussels. (Complete the idiom to form a meaningful sentence)

(A) stock (B) bolt

(C) chain (D) key

184. "Look like a drowned _______" (Complete the idiom to define the state of being very wet, especially because you have been in heavy rain)

(A) cat (B) mouse

(C) pig (D) rat

185. "Allude _______" Choose the phrasal verb to define the state of mentioning something or someone in an indirect manner:

(A) for (B) to

(C) on (D) with

186. Choose the phrasal verb to define the state of leaving university at the end of a course:

(A) Come down on (B) Come down

(C) Come down to (D) Come down by

187. "Connive _______" (Complete the phrasal verb to define the state of allowing something bad to happen or continue even though you knew it should be stopped)

(A) off (B) for

(C) of (D) at

188. Identify the correctly spelt word:

(A) Gorgious (B) Gorgeaus

(C) Gorgeous (D) Goregous

189. Identify the correctly spelt word:

(A) Gymnaseum (B) Gymnasium

(C) Gymnesium (D) Gymnasiem

190. Which of the following is not a synonym of "devastate"?

(A) Confound (B) Detour

(C) Nonplus (D) Discomfort

191. Which of the following is a synonym of "drudge"?

(A) Skivvy (B) Dope

(C) Nod (D) Flock

192. Which of the following is an antonym of "annoy"?

(A) Unwary (B) Strip

(C) Divest (D) Mollify

193. Which of the following is not an antonym of "impair"?

(A) Ameliorate (B) Facilitate

(C) Infuriate (D) Amend

194. Find one word substitute for "A community of people smaller than a village"

(A) Hamlet (B) Drove

(C) Posse (D) Cortege

195. Find one word substitute for "A strong and fast-moving stream of water or other liquid"

(A) Posse (B) Shoal

(C) Torrent (D) Flotilla

196. Find one word substitute for "A person who draws or produces maps"

(A) Choreographer (B) Cartographer

(C) Curator (D) Calligrapher

★ **Note: Read the following passage carefully and answer the questions that follow (Question no. 197 to 200)**

**Today, perhaps your only association with the word 'polio' is the Sabin Oral Vaccine that protects children from the disease. Fifty-five years ago, this was not so. The dreaded disease, which mainly affects the brain and the spinal cord, causes stiffening and weakening of the muscles, crippling and paralysis–which is why I am in a wheelchair today. If somebody had predicted, when I was born, that this would happen to me, no one would have believed it. I was the seventh child in a family of four pairs of brothers and sisters, with a huge 23-year gap between the first and the last. I was told that, unlike the others, I was so fair and brown-haired that I looked more like a foreigner than a Dawood Bohri. I was also considered to be the healthiest of the brood.**

**197. In the passage, the word "brood" refers to:**

(A) Members of Dawood Bohri origin (B) Foreign children

(C) Children in the family (D) Polio victims

**198. The narrator is a:**

(A) Foreign child (B) Dawood Biohri

(C) Smart and tall boy (D) A famous writer

**199. The narrator belongs to a family of _______ children.**

(A) four (B) seven

(C) eight (D) ten

**200. In his childhood the narrator was:**

(A) Crippled and weak (B) Heart patient

(C) Short and lame (D) Very healthy